# ગુજરાત જાહેર સેવા આયોગ

## <u>અગત્યની જાહેરાત</u>

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા યોજવામાં આવતી ગુજરાત સરકારની વિવિધ ભરતીઓમાં રાજ્યના ઉમેદવારો ખૂબ જ ઉત્સાહથી ભાગ લેતાં હોય છે અને ખૂબ ખંત અને મહેનતથી સફળ થવા માટે પ્રયત્ન કરતાં હોય છે. ઘણીવાર જે ઉમેદવારો સફળ થતાં નથી તેવાં ઉમેદવારો પણ સતત આવનારી ભરતીઓ માટે પ્રયત્નશીલ રહેતાં હોય છે. આવાં ઉમેદવારો પોતાના પ્રયત્નમાં સફળ થાય ત્યાં સુધી તેઓને વૈકલ્પિક રોજગારી મળી રહે તથા ગુજરાત અને ભારત સરકારના જાહેર સાહસો, ખાનગી કંપનીઓ સહકારી સંસ્થાઓ વિગેરેમાં રોજગારીનો અવસર મળે તથા આવી સંસ્થાઓને આવાં મહેનતુ, તેજસ્વી, ખંતિલા ઉમેદવારોનું માનવ સંસાધન ઉપલબ્ધ થાય તે હેતુથી આયોગની ભરતી પ્રક્રિયાના આખરી પરિણામોમાં અસફળ રહેલા અને પ્રતીક્ષાયાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોને વિવિધ માન્ય સરકારી ક્ષેત્રો, જાહેર સાહસો (PSUs) તેમજ પ્રતિષ્ઠિત ખાનગી સંસ્થાઓમાં રોજગારીની વૈકલ્પિક અને ઉત્કૃષ્ટ તકો સરળતાથી મળી રહે તે માટે આયોગ દ્વારા એક મધ્યસ્થી માધ્યમ તરીકે **<u>“અવસર”</u>** મોડ્યુલ વિકસાવવામાં આવેલ છે.

જે ઉમેદવારો આ અવસરનો લાભ લેવા માંગતા હોય અને પોતાનું નામ, મોબાઈલ નંબર, ઈ–મેઈલ આઈ.ડી. અને શૈક્ષણિક લાયકાતની માહિતી, રોજગારની તક આપવા માંગતી ગુજરાત/ભારત સરકારના જાહેર સાહસો, સરકારના બીજા વિભાગો, ખાનગી કંપનીઓ, સહકારી સંસ્થાઓ વિગેરેને શેર કરવાની સંમતિ આપવા માંગતા હોય તો, આ માટેની વ્યવસ્થા GPSC Ojas Portal પર કરવામાં આવેલ છે. જે ઉમેદવારો આ અવસરનો લાભ લેવા માંગતા હોય, તેમણે નીચેની Link પર જઈ પોતાની ઉપર્યુક્ત માહિતી શેર કરવા માટેની સંમતિ આપવાની રહેશે. (લિંક : https://gpsc-ojas.gujarat.gov.in/)

ભવિષ્યમાં આપવામાં આવનારી જાહેરાતોમાં અરજી કરતી વખતે જ ઉમેદવારો પોતાની ઉપર્યુક્ત માહિતી આવી સંસ્થાઓને રોજગારીના હેતુથી શેર કરવા માંગે છે કે કેમ? તેની સંમતિ મેળવવાની વ્યવસ્થા કરવામાં આવશે. આયોગ દ્વારા ગુજરાત તથા ભારત સરકારના વિવિધ સાહસોને સામેથી આ વ્યવસ્થાનો લાભ લઈ, પોતાની વિવિધ પ્રકારની માનવ સંસાધનની જરૂરિયાત માટે આયોગને વિનંતી કરી, ઈચ્છુક ઉમેદવારોની માહિતી મેળવી, તેઓનો સંપર્ક કરી તેઓને રોજગારીની તક પૂરી પાડી શકશે.

ઉપરાંત પ્રેસ મીડિયાના માધ્યમથી પણ ખાનગી સંસ્થાઓને આની જાણ કરવામાં આવશે. જેથી આવા ઉમેદવારોને રોજગારીની તક આપવા માંગતી ખાનગી સંસ્થાઓ પણ આયોગનો સંપર્ક કરી, તેનો લાભ લઈ ઉમેદવારોને રોજગારીની તકો પૂરી પાડી શકે.

**આ યોજનાની મહત્વની બાબતો નીચે મુજબની છે.**

1. **માહિતીની સુરક્ષા (Data Privacy):** આયોગ દ્વારા સંસ્થાને આપવામાં આવેલી માહિતીનો ઉપયોગ સંસ્થા રોજગારીનો અવસર આપવા સિવાય બીજા કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં તથા તે બીજા કોઈને શેર કરી શકશે નહીં, તેવી સંસ્થા પાસેથી બાંહેધરી લેવામાં આવશે અને ડેટાની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહેશે.

   આયોગ દ્વારા ઉમેદવારોના ડેટાની સુરક્ષાનું ચુસ્ત પાલન કરવામાં આવશે. આ પ્લેટફોર્મ પર નોંધાયેલ પાત્ર સંસ્થાઓ સાથે ઉમેદવારની વિગતો જેવી કે ઉમેદવારનું નામ, મોબાઇલ નંબર, ઇમેઇલ આઇડી અને શૈક્ષણિક લાયકાત જ શેર કરવામાં આવશે.

   આયોગ પાસેથી માહિતી મેળવ્યા બાદ જે તે સંસ્થાને યોગ્ય લાગે તે ઉમેદવારોને સંસ્થાની ભરતી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

2. **ઉમેદવારની પૂર્વ સંમતિ (Candidate Consent):** આ પ્લેટફોર્મ પર ઉમેદવારની વિગતો તેમની ઈચ્છા અને પૂર્વ સંમતિ બાદ જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ભવિષ્યમાં આવનારી નવીન જાહેરાતો માટે ઉમેદવારો અરજી કરતી વખતે જ **GPSC-OJAS** પોર્ટલ પર આ અંગે ઓનલાઇન સંમતિ આપી શકશે.

3. **ભૂતકાળની ભરતીના ઉમેદવારો માટે અવસર:** આયોગ દ્વારા લેવાયેલી અને છેલ્લા ૫(પાંચ) વર્ષમાં પૂર્ણ થયેલી વર્ગ–૧ અને વર્ગ–૨ની ભરતી પ્રક્રિયાના આખરી પરિણામમાં અસફળ અને પ્રતિક્ષાયાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારો આ યોજનાનો લાભ લઈ શકે તે માટે GPSC-OJAS પોર્ટલ પર "અવસર" મોડ્યૂલમાં જઇને ઓનલાઇન સંમતિ પત્રક સબમિટ કરી શકશે.

   ઉમેદવારે જાહેરાત ક્રમાંક તથા કન્ફર્મેશન નંબર આપીને સંમતિ આપવાની રહેશે. ઉમેદવાર જે તે જાહેરાતનું વર્ષ સિલેક્ટ કરતાં તેને તે વર્ષની તમામ જાહેરાતોની વિગતો ઉપલબ્ધ થશે તથા જો ઉમેદવાર કન્ફર્મેશન નંબર ભૂલી ગયા હોય તો તેઓની કન્ફર્મેશન નંબર મેળવવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. કોઈ ઉમેદવારની જગ્યાએ બીજા કોઈ ઉમેદવાર આવી સંમતિ આપી ન શકે તે હેતુથી ઓટીપીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉમેદવારના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર અને રજીસ્ટર્ડ ઈ–મેલ આઇ.ડી. પર ઓટીપી જશે અને આ ઓટીપી દાખલ કર્યા બાદ જ સંમતિની પ્રક્રિયા પૂર્ણ થશે.

4. **પાત્રતા માપદંડ:** આ પ્લેટફોર્મ પર માત્ર કાયદેસર રીતે સ્થાપિત સરકારી વિભાગો, PSUs અને આયોગ દ્વારા માન્ય રાખેલ ખાનગી કંપનીઓને જ ઉમેદવારોની જરૂરિયાત મુજબ નિયંત્રિત એક્સેસ આપવામાં આવશે.

5. **<u>આયોગની ભૂમિકા અંગે સ્પષ્ટતા:</u>** "અવસર" અંતર્ગત ગુજરાત જાહેર સેવા આયોગ માત્ર એક 'માધ્યમ' તરીકે કાર્ય કરશે. આ પ્લેટફોર્મ મારફતે મળનારી ખાનગી કે જાહેર ક્ષેત્રની નોકરીની શરતો, વેતન ધોરણ, સેવા નિયમો કે કાનૂની વિવાદો બાબતે આયોગની કોઈ સત્તાવાર કે કાનૂની જવાબદારી રહેશે નહીં.

આયોગ પાસે અવસરના નિયમોમાં ગમે ત્યારે ફેરફાર કરવાની અબાધિત સત્તા રહેશે.

લાયક ઉમેદવારોને આ અંગેની વધુ માહિતી માટે આયોગની સત્તાવાર વેબસાઇટ https://gpsc.gujarat.gov.in અને GPSC-OJAS પોર્ટલ જોતા રહેવા માટે જણાવવામાં આવે છે.

સચિવ

ગુજરાત જાહેર સેવા આયોગ.

તા.૧૭–૦૭–૨૦૨૬.